




**IPL 2026** આજની મેચ

CSK Vs LSG — સમય: સાંજે 3:30 વાગ્યે — સ્થળ: ચેન્નાઈ

RCB Vs MI — સમય: સાંજે 7:30 વાગ્યે — સ્થળ: રાયપુર

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| SRH | 11 | 7 | 4 | 0 | 14 | 0.737 |
| GT | 11 | 7 | 4 | 0 | 14 | 0.228 |
| PBKS | 10 | 6 | 3 | 1 | 13 | 0.571 |
| RCB | 10 | 6 | 4 | 0 | 12 | 1.234 |
| RR | 11 | 6 | 5 | 0 | 12 | 0.082 |
| CSK | 10 | 5 | 5 | 0 | 10 | 0.151 |
| KKR | 10 | 4 | 5 | 1 | 9 | -0.169 |
| DC | 11 | 4 | 7 | 0 | 8 | -1.154 |
| MI | 10 | 3 | 7 | 0 | 6 | -0.649 |
| LSG | 10 | 3 | 7 | 0 | 6 | -0.934 |

# ગુજરાતે રાજસ્થાનને 77 રને કચડ્યું

**ગિલની** 44 બોલમાં 84 રનની વિસ્ફોટક ઈનિંગ, સાઈ સુદર્શને અડધી સદી ફટકારી



જયપુર, તા. 9 (પીટીઆઈ): જયપુરમાં રમાયેલી IPL મેચમાં કેપ્ટન શુભમન ગિલ અને લેગ સ્પિનર રાશિદ ખાનના શાનદાર પ્રદર્શનની મદદથી ગુજરાત ટાઈટન્સે રાજસ્થાન રોયલ્સને 77 રને હરાવી પ્લેઓફ તરફ મજબૂત ડગલું માંડ્યું છે.

પ્રથમ બેટિંગ કરતા ગુજરાતે ગિલના 84 અને સાઈ સુદર્શનના 55 રનની મદદથી આ સીઝનનો સર્વોચ્ચ સ્કોર 4 વિકેટે 229 રન બનાવ્યો હતો. ગિલ અને સુદર્શને 118 રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી, જ્યારે અંતમાં વોશિંગ્ટન સુંદરે 37 રનની આક્રમક ઈનિંગ રમી હતી.

230 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાનની શરૂઆત વિસ્ફોટક રહી હતી. યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ માત્ર 16 બોલમાં 36 રન અને ધ્રુવ જુરેલે 10 બોલમાં 24 રન ફટકારી 5 ઓવરમાં સ્કોર 62 રન સુધી પહોંચાડ્યો હતો. જોકે, રાશિદ ખાને 4 વિકેટ લઈ મેચનું પાસું પલટી નાખ્યું હતું. રાજસ્થાનની ટીમ 16.3 ઓવરમાં 152 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.

| ગુજરાત ટાઈટન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સુદર્શન કો આર્ચર બો યશરાજ | 55 | 36 | 6 | 2 |
| ગિલ કો દેશપાંડે | 84 | 44 | 9 | 3 |
| બટલર કો ફેરિયેરા બો જાડેજા | 13 | 10 | 1 | 1 |
| સુંદર અણનમ | 37 | 20 | 2 | 3 |
| હોલ્ડર કો જાયસ્વાલ બો બ્રિજેશ | 7 | 7 | 1 | 0 |
| તેવટિયા અણનમ | 14 | 4 | 0 | 2 |
| વધારાના | 19 | | | |
| કુલ 20 ઓવરમાં 4 વિકેટે | 229 રન | | | |

**વિકેટ પતન:** 1-118, 2-150, 3-185, 4-205

| બોલિંગ : | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 3 | 0 | 46 | 0 |
| તુષાક દેશપાંડે | 4 | 0 | 52 | 0 |
| બ્રિજેશ શર્મા | 4 | 0 | 47 | 2 |
| યશરાજ પૂંજા | 4 | 0 | 37 | 1 |
| રવિન્દ્ર જાડેજા | 4 | 0 | 34 | 1 |
| ડોનાવન ફેરિયેરા | 1 | 0 | 11 | 0 |

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જાયસ્વાલ કો સિંધુ બો રબાડા | 3 | 4 | 0 | 0 |
| સૂર્યવંશી કો અર્શદ બો સિરાજ | 36 | 16 | 3 | 3 |
| જુરેલ બો રાશિદ | 24 | 10 | 1 | 3 |
| હેટમાયર કો હોલ્ડર બો રબાડા | 6 | 7 | 1 | 0 |
| જાડેડા એલબી બો રાશિદ | 38 | 25 | 3 | 2 |
| ફેરેરા બો રાશિદ | 4 | 2 | 1 | 0 |
| દુબે બો રાશિદ | 15 | 14 | 1 | 1 |
| શનાકા કો ગિલ બો હોલ્ડર | 16 | 11 | 2 | 0 |
| આર્ચર કો બટલર બો હોલ્ડર | 5 | 6 | 1 | 0 |
| તુષાર કો વોશિંગ્ટન બો હોલ્ડર | 1 | 3 | 0 | 0 |
| બ્રિજેશ શર્મા અણનમ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 3 | | | |
| કુલ 16.3 ઓવરમાં 10 વિકેટે | 152 રન | | | |

**વિકેટ પતન:** 1-38, 2-40, 3-68, 4-87, 5-91, 6-115, 7-136, 8-141, 9-151, 10-152

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્મદ સિરાજ | 4 | 0 | 55 | 1 |
| કાગિસો રબાડા | 3 | 0 | 33 | 2 |
| સાઈ કિશોર | 1 | 0 | 8 | 0 |
| રાશિદ ખાન | 4 | 0 | 33 | 4 |
| વોશિંગ્ટન સુંદર | 2 | 0 | 10 | 0 |
| જેસન હોલ્ડર | 2.3 | 0 | 12 | 3 |

## સાહિલે આર્ચરી વર્લ્ડકપમાં પોતાનો પ્રથમ મેડલ જીત્યો

શાંઘાઈ, તા. 9 (પીટીઆઈ): શાંઘાઈમાં આયોજિત આર્ચરી વર્લ્ડકપ સ્ટેજ-2માં મહારાષ્ટ્રના 25 વર્ષીય આર્ચર સાહિલ જાધવે કમ્પાઉન્ડ પુરૂષ વ્યક્તિગત સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. પોતાની કારકિર્દીના બીજા જ વર્લ્ડકપમાં રમી રહેલા જાધવે બ્રોન્ઝ મેડલ પ્લેઓફમાં ડેનમાર્કના અનુભવી ખેલાડી માર્ટિન ડેમ્સબોને 147-144થી હરાવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભારતનો આ પ્રથમ મેડલ છે. જાધવે સેમિફાઈનલ સુધીની સફરમાં અનુભવી અભિષેક વર્મા અને વિશ્વના 6 નંબરના ખેલાડી નિકો વિનરને હરાવીને પ્રભાવિત કર્યા હતા. જોકે, સેમિફાઈનલમાં નિકોલસ ગિરાર્ડ સામે તે માત્ર 1 પોઈન્ટથી હારી ગયો હતો.

# FIFA વર્લ્ડકપ 2026: કેટી પેરીના સુર અને નોરાના ડાન્સ સાથે થશે ભવ્ય પ્રારંભ

**અમેરિકા,** મેક્સિકો અને કેનેડા ત્રણેય દેશોમાં પ્રથમ મેચ પહેલાં ઉદ્ઘાટન સમારંભ યોજાશે

**રેપર** ફ્યુચર, લીસા અને રેમા જેવા આંતરરાષ્ટ્રીય કલાકારો પણ સ્ટેજ ગજવશે



કોરલ ગેબલ્સ (યુએસ), તા. 9 (એપી): ફૂટબોલના સૌથી મોટા ટુર્નામેન્ટ, ફિફા વર્લ્ડ કપ 2026નું સ્વાગત આ વખતે ત્રણ અલગ-અલગ દેશોમાં અત્યંત ભવ્ય અને સાંસ્કૃતિક સમારોહ સાથે કરવામાં આવશે.

અમેરિકાના લોસ એન્જલસ સ્થિત સોફી સ્ટેડિયમમાં 12 જૂન, 2026ના રોજ અમેરિકા અને પરાગ્વે વચ્ચેની પ્રથમ મેચ રમાશે. આ મેચ શરૂ થવાના 90 મિનિટ પહેલા વિશ્વપ્રસિદ્ધ પોપ સ્ટાર કેટી પેરી પોતાની હાઈ-એનર્જી પ્રસ્તુતિથી દર્શકોને મંત્રમુગ્ધ કરશે. તેની સાથે રેપર ફ્યુચર, લીસા અને રેમા જેવા આંતરરાષ્ટ્રીય કલાકારો પણ સ્ટેજ ગજવશે.

ટુર્નામેન્ટની સત્તાવાર શરૂઆત 11 જૂનના રોજ મેક્સિકો સિટીના ઐતિહાસિક એઝટેકા સ્ટેડિયમમાં મેક્સિકો અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની મેચથી થશે. અહીંની ઓપનિંગ સેરેમનીમાં જે બાલ્વિન અને એલેજાન્દ્રો ફર્નાન્ડીઝ જેવા કલાકારો લેટિન સંગીતનો જાદુ વિખેરશે.

જ્યારે કેનેડાના ટોરન્ટોમાં રમાનારી પ્રથમ મેચ પહેલાં માઈકલ બુબલે અને અલેસિયા કારા જેવા દિગ્ગજ ગાયકો સાથે બોલિવૂડની ડાન્સ ક્વીન નોરા ફતેહી પણ પર્ફોર્મ કરશે, જે વૈશ્વિક મંચ પર ભારતની અમીટ છાપ છોડશે. આ વિસ્તૃત 48 ટીમોની ટુર્નામેન્ટના ઉદ્ઘાટન સમારંભમાં રમતની સાથે ત્રણેય યજમાન દેશોની સંસ્કૃતિ અને સંગીતનો અદભૂત સંગમ જોવા મળશે.

# આજે LSG સામે જીતીને પ્લેઓફની આશા જીવંત રાખવા માગશે ચેન્નાઈ

**છઠ્ઠા** ક્રમે રહેલી ચેન્નાઈ માટે આ મેચ મહત્વની જ્યારે લખનઉ 10મા સ્થાને છે

**મેચ** બપોરે 3.30 વાગ્યે શરૂ થશે

ચેન્નાઈ, તા. 8 (પીટીઆઈ): ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં રવિવારે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા ક્રમે રહેલી ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) અને છેલ્લા ક્રમે રહેલી લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) વચ્ચે મહત્વનો મુકાબલો રમાશે. પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે ચેન્નાઈ માટે આ જીત જરૂરી છે.

CSKની બેટિંગનો મુખ્ય આધાર સંજુ સેમસન રહ્યો છે, જેણે છેલ્લી મેચમાં પણ 52 બોલમાં અણનમ 87 રન ફટકાર્યા હતા. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ પણ ફોર્મમાં પરત ફર્યો છે, જેણે આ મહિને 74 અને 67 રનની અણનમ ઈનિંગ્સ રમી છે. જોકે, એમ.એસ. ધોની હજુ પણ પિંડીની ઈજાને કારણે રમી શકશે નહીં.

બીજી બાજુ, લખનઉ માટે આ સીઝન ઘણી નિરાશાજનક રહી છે, તેઓ 10 મેચોમાંથી માત્ર 3 જીત સાથે 10મા ક્રમે છે. કેપ્ટન ઋષભ પંત પોતાની 27 કરોડની કિંમત મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યો છે. જોકે, મિશેલ માર્શે છેલ્લી મેચમાં 56 બોલમાં 111 રન ફટકારીને RCB સામે ટીમને જીત અપાવી લખનઉની પ્લેઓફની આશા જીવંત રાખી છે. લખનઉની બોલિંગની કમાન મોહમ્મદ શમી સંભાળી રહ્યો છે. ચેપોકની પીચ હવે બેટ્સમેનોને વધુ મદદ કરી રહી છે, છતાં અકીલ હુસૈન અને નૂર અહમદ જેવા સ્પિનરો મધ્ય ઓવરોમાં નિર્ણાયક સાબિત થઈ શકે છે.

## પ્રિમીયર લીગ: લિવરપૂલ અને ચેલ્સિયા વચ્ચેની મેચ ડ્રો થઈ

લિવરપુલ (ઈંગ્લેન્ડ), તા. 9 (એપી): એનફિલ્ડ સ્ટેડિયમમાં રમાયેલી પ્રીમિયર લીગ મેચમાં લિવરપૂલ અને ચેલ્સિયા વચ્ચેનો મુકાબલો 1-1થી ડ્રો રહ્યો હતો. લિવરપૂલના ખરાબ પ્રદર્શનને કારણે સ્ટેડિયમમાં ચાહકોએ હુરિયો બોલાવ્યો હતો. મેચની છઠ્ઠી મિનિટે રાયન ગ્રેવેનબર્ચના શાનદાર ગોલની મદદથી લિવરપૂલે વહેલી સરસાઈ મેળવી હતી, પરંતુ 36મી મિનિટે ચેલ્સિયાના એન્ઝો ફર્નાન્ડીઝે ફ્રી-કિક દ્વારા ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો.

આ ડ્રો સાથે ચેલ્સિયાએ તેની સતત છ હારનો સિલસિલો તોડ્યો છે. બીજી તરફ, લિવરપૂલ અત્યારે પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે અને ચેમ્પિયન્સ લીગમાં ક્વોલિફાય થવા માટે તેને આગામી શુક્રવારે એસ્ટન વિલા સામે જીત મેળવવી પડશે. લિવરપૂલ તરફથી વર્જિલ વાન ડાઈકનો હેડર બાર સાથે અથડાતા તેઓ જીતની તક ચૂકી ગયા હતા.

# મુંબઈ સામેના મુકાબલામાં હારનો સિલસિલો તોડવા RCB આતુર

**બેંગલુરુની** ટીમ સતત 2 મેચ હારીને દબાણમાં જ્યારે મુંબઈનો આત્મવિશ્વાસ વધ્યો

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



રાજપુર, તા. 9 (પીટીઆઈ): રાયપુરમાં રવિવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને મુંબઈ ઈન્ડિયન્સ (MI) સામસામે ટકરાશે. ટુર્નામેન્ટની શરૂઆતમાં શાનદાર પ્રદર્શન કરનાર બેંગલુરુની ટીમ હાલમાં સતત 2 મેચ હારીને દબાણમાં છે.

હાલમાં 10 મેચોમાં 12 પોઈન્ટ્સ સાથે ટીમ ત્રીજા સ્થાને છે, પરંતુ પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે તેમનો બેટિંગ વિભાગ ફરી લય પકડે તે જરૂરી છે. ખાસ કરીને છેલ્લી મેચોમાં અમદાવાદની પીચ પર ટીમ માત્ર 155 રન જ બનાવી શકી હતી, જે ચિંતાનો વિષય છે.

બેંગલુરુ માટે ઓપનિંગમાં જેકબ બેથેલનું ફોર્મ નબળું રહ્યું છે, જેણે છેલ્લી ચાર ઈનિંગ્સમાં માત્ર 14, 20, 5 અને 4 રન જ બનાવ્યા છે. આના કારણે વિરાટ કોહલી પર દબાણ વધી ગયું છે. મધ્યમ ક્રમમાં વિકેટકીપર બેટ્સમેન જીતેશ શર્મા પણ સંઘર્ષ કરી રહ્યો છે, જેનો આ સીઝનનો સર્વોચ્ચ સ્કોર માત્ર 23 રન રહ્યો છે. બીજી તરફ, મુંબઈનો આત્મવિશ્વાસ વધ્યો છે કારણ કે તેઓએ લખનઉ સામે 228 રનનો મોટો ટાર્ગેટ સફળતાપૂર્વક ચેઝ કર્યો હતો.

રોહિત શર્માએ ઈજા બાદ વાપસી કરતા 44 બોલમાં 84 રનની તોફાની ઈનિંગ રમી હતી. મુંબઈ માટે હાર્દિક પંડ્યાની ફિટનેસ પર હજુ સસ્પેન્સ છે, કારણ કે તે પીઠના દુખાવાને કારણે છેલ્લી મેચ રમ્યો ન હતો. રાયપુરની પીચ પર બેંગલુરુના બોલરો ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડ સામે મુંબઈના બેટ્સમેનોને રોકવાનો મોટો પડકાર રહેશે.

# BCCIએ ખેલાડીઓ અને ફ્રેન્ચાઈઝીઓ માટે જારી કરેલી ગાઈડલાઈન્સ પાછળના કારણો

**BCCI** રીલ કલ્ચર પર સખત થયું, ખેલાડીઓના પરિવારના સભ્યોને પણ ચેતવણી આપી

**અર્શદીપ** સિંહની ઈન્સ્ટાગ્રામ રીલ્સ હાલમાં બોર્ડની નિગરાની હેઠળ

**મેચ** દરમિયાન ડગઆઉટ કે પ્રતિબંધિત વિસ્તારોમાં વીડિયો બનાવનાર કોમેન્ટેટર્સ કે ખેલાડીઓ સામે કાર્યવાહી થઈ શકે



બેંગલુરુ, તા. 9 (પીટીઆઈ): ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ આઈપીએલ (IPL) દરમિયાન ખેલાડીઓ અને ફ્રેન્ચાઈઝીઓ માટે 7 પેજની એડવાઈઝરી જાહેર કરી હતી. BCCI દ્વારા જે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે તેની પાછળ ખેલાડીઓની કેટલીક શિસ્તહીન પ્રવૃત્તિઓ જવાબદાર છે. આવી ઘટનાઓથી 'હની ટ્રેપ' અને ભ્રષ્ટાચારનું જોખમ પણ આ કારણોમાં સામેલ છે. બોર્ડની એન્ટી-કરપ્શન યુનિટ (ACU)એ નોંધ્યું છે કે ખેલાડીઓ સુરક્ષા પરવાનગી વગર બહાર જાય છે અને હોટેલના રૂમમાં અજાણ્યા મહેમાનોને મોડી રાત સુધી રાખે છે. ખાસ કરીને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથેની ખેલાડીઓની નિકટતા ચિંતાનો વિષય બની છે. એક કિસ્સામાં, એક યુવા ખેલાડીએ પ્રતિબંધિત વિસ્તારમાં અંગત રીલ્સ બનાવવા માટે કન્ટેન્ટ ટીમની મદદ લીધી હતી, જે વીડિયો બાદમાં વ્લોગરે પોતાના અંગત ફાયદા માટે વાપર્યા હતા. પંજાબ કિંગ્સના ફાસ્ટ બોલર અર્શદીપ સિંહની ઈન્સ્ટાગ્રામ રીલ્સ હાલમાં બોર્ડની નિગરાની હેઠળ છે. નવા નિયમો મુજબ, હવેથી કોઈપણ વીડિયો કે કન્ટેન્ટ માત્ર ફ્રેન્ચાઈઝીના સત્તાવાર હેન્ડલ પરથી જ પોસ્ટ કરી શકાશે. બોર્ડે એ પણ સ્પષ્ટ કર્યું છે કે મેચ દરમિયાન ડગઆઉટ કે પ્રતિબંધિત વિસ્તારોમાં વીડિયો બનાવનાર કોમેન્ટેટર્સ કે ખેલાડીઓ સામે કાર્યવાહી થઈ શકે છે. ખેલાડીઓના પરિવારના સભ્યોને પણ મેચના દિવસે ફોટા કે વીડિયો પોસ્ટ કરવાથી દૂર રહેવા જણાવાયું છે, જેથી ટીમની ગુપ્ત માહિતી લીક ન થાય. હવે ખેલાડીઓએ રાત્રે 10 વાગ્યા પછી મહેમાનોને મળવા પર પ્રતિબંધ છે અને જે પણ મુલાકાત થાય તે લોબી જેવા જાહેર સ્થળોએ જ કરવી પડશે. આ એડવાઈઝરી ખેલાડીઓની પ્રાઈવસીમાં દખલ કરવા માટે નહીં, પરંતુ રમતની ગરિમા અને સુરક્ષા જાળવવા માટે લેવાયેલું પગલું છે.

# IPL 2026: બેટ્સમેનોનો દબદબો, બોલરોને ટેકો આપવાની જરૂર

**મેચને** રોમાંચક બનાવવા બોલરોને વધુ એક ઓવર નાંખવાની મંજૂરી મળવી જોઈએ



**લેઈટ કટ**

- સુનિલ ગવાસ્કર

આ આઈપીએલમાં આપણે અગાઉની આવૃત્તિઓ કરતા વધુ સદીઓ ફટકારાતી જોઈ છે. હજુ પણ બે અઠવાડિયાની મેચો અને ત્યારબાદ પ્લેઓફ બાકી છે, ત્યારે મે મહિનાના અંતમાં ટુર્નામેન્ટ પૂરી થાય તે પહેલા આપણને કદાચ હજુ થોડી વધુ સદીઓ જોવા મળી શકે છે.

બેટિંગની આ મજા મોટાભાગના મેદાનના ક્યુરેટર્સ દ્વારા બનાવવામાં આવેલી કેટલીક શાનદાર પીચોને આભારી છે. હોમ ટીમોની તાકાત મુજબની પીચ બનાવવાનો કોઈ વિચાર કરવામાં આવ્યો નથી અને તેથી જ આપણે છગ્ગાઓ અને ચોગ્ગાઓનો આ ભરમાર જોયો છે. બાઉન્ડ્રીઝ તો સરળતાથી સમજી શકાય તેવી છે પરંતુ કેટલીક સિક્સર કેચ હોઈ શકત જો બાઉન્ડ્રી રોપ્સને અંદર લાવવાને બદલે લંબાવવામાં આવી હોત, જેના કારણે કેટલાક મેદાનો જેટલા છે તેના કરતા પણ વધુ નાના દેખાય છે.

હા, પ્રેક્ષકો મોટા હિટિંગના ઉત્સાહ માટે આવે છે પરંતુ મેચમાં વધુ રોમાંચ ત્યારે હોય છે જ્યારે તે કાંટાની ટક્કર જેવી હોય અને અંતિમ ઓવરમાં પૂરી થાય, તેના બદલે કે જે 15મી ઓવરની આસપાસ પૂરી થઈ જાય, જ્યાં અડધા પ્રેક્ષકો પરિણામ શું આવશે તે જાણીને બહાર નીકળવાની તૈયારી કરતા હોય છે. જ્યાં પીચ થોડી તેજ રહી છે, ત્યાં મોટાભાગના બેટ્સમેનો તેમની ફ્રન્ટ ફૂટ પર જવાની વૃત્તિને કારણે તેમની નબળાઈ ખુલ્લી પડી ગઈ છે. તેથી, જ્યારે બોલ તેમના હેલ્મેટ પર આવે છે, ત્યારે તેઓ અજીબ સ્થિતિમાં મુકાઈ જાય છે અને માત્ર આઉટ જ નથી થતા પરંતુ આવું કરતી વખતે ખૂબ જ સામાન્ય બેટ્સમેન દેખાય છે.

વિશ્વ ક્રિકેટના બે સૌથી ઝડપી બોલરો જોફ્રા આર્ચર અને કાગીસો રબાડાએ બેટ્સમેનોને એવી પીચો પર પણ નચાવ્યા છે જ્યાં વિકેટકીપર સુધી બોલ એક બાઉન્સમાં સીધો પહોંચતો ન હતો. અહીં એવું લાગે છે કે બોલર માટે માત્ર ચાર ઓવરના પ્રતિબંધ પર ફરીથી વિચાર કરી શકાય છે. જો કોઈ બેટ્સમેન આખી વીસ ઓવર બેટિંગ કરી શકે છે, તો પછી જે બોલર તેની ચાર ઓવરમાં ત્રણ વિકેટ લે છે, તેને તે વિકેટો લેવાના ઈનામ રૂપે વધુ એક ઓવર કેમ ન આપી શકાય. આ રીતે ટીમો માત્ર રન બચાવવાને બદલે વિકેટ લેવાનો પણ પ્રયાસ કરશે. આખરે, શ્રેષ્ઠ ડોટ બોલ એ વિકેટ લેનારો ડોટ બોલ છે, ખરું ને? હા, તમે કદાચ ત્રણ બોલરોને ત્રણ વિકેટ લેતા અને દરેકને એક વધારાની ઓવર આપતા જોઈ શકો છો. તે એવા ફોર્મેટમાં મેદાન પર રમતને સંતુલિત કરશે જ્યાં બધું જ બોલરોની વિરુદ્ધમાં હોય છે. નાની બાઉન્ડ્રીઓ, બેટ્સમેનના માથાની થોડી ઉપર જતી બાઉન્સર માટે વાઈડનું કડક અર્થઘટન અને એવું ઘણી બાબતો છે. તેથી, બોલરો અને ફિલ્ડિંગ કેપ્ટનને વિકેટ લેવા માટે પ્રોત્સાહન આપવું અને માત્ર પહેલા બોલથી જ રક્ષણાત્મક ન રહેવું, તે કંઈક અજમાવવા જેવું હશે. દરેક નવી રમવાની સ્થિતિની જેમ, જે ઘણી 'સીટી લીગ' આવી રહી છે તેમાં તેનું પરીક્ષણ કરી શકાય છે. ત્યારબાદ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં અને જો એમ લાગે કે તે ખરેખર એવા ફોર્મેટને સમાન સ્તર પર લાવે છે જે વધુ બેટિંગ ફ્રેન્ડલી છે, તો તેનો ઉપયોગ આવતા વર્ષની આઈપીએલ અથવા કદાચ 2028થી શરૂ થતા આઈપીએલના આગામી ચક્રમાં થઈ શકે છે.

ઘણા વર્ષો પહેલા જ્યારે હું આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલમાં હતો, ત્યારે મેં મારી વ્યક્તિગત ક્ષમતામાં આઠ ફ્રેન્ચાઇઝીના કેપ્ટનોને પત્ર લખીને પૂછ્યું હતું કે આઈપીએલને અત્યાર સુધી જેવી છે તેનાથી પણ વધુ સારી કેવી રીતે બનાવી શકાય. મોટાભાગનાએ જવાબ આપ્યો હતો અને જોકે તેમાં કોઈ મોટું સૂચન નહોતું, પરંતુ એડમ ગિલક્રિસ્ટનું એક સૂચન જેમાં પ્રથમ અને બીજા ક્રમે આવનારી ટીમોને ક્વોલિફાયર અને એલિમિનેટર સાથે ટાઇટલ માટે વધુ એક તક આપવાની ભલામણ હતી તે અજોડ હતું. ગવર્નિંગ કાઉન્સિલના એક સભ્ય દ્વારા મને રોકવામાં આવ્યો હતો, જેમણે પૂછ્યું હતું કે કોની સત્તાથી મેં ફ્રેન્ચાઇઝીના કેપ્ટનોને તેમના સૂચનો માટે પત્ર લખ્યો છે. મેં તેમને કહ્યું કે મેં એક ભૂતપૂર્વ કેપ્ટન અને ખેલાડી તરીકે મારી વ્યક્તિગત ક્ષમતામાં લખ્યું છે જેનો એકમાત્ર ઈરાદો આઈપીએલને કેવી રીતે વધુ સારી બનાવી શકાય તે જોવાનો હતો અને તેમને પત્ર લખવા માટે મારે કોઈની પરવાનગીની જરૂર નથી. હવે સ્વીકારવું કે નહીં તે ગવર્નિંગ કાઉન્સિલ પર હતું. તેઓએ એ સૂચન સ્વીકાર્યું અને હવે સ્થિતિ કંઈક એવી છે કે જે દરેક ફ્રેન્ચાઇઝી તેને મેળવવાનો પ્રયાસ કરે છે. ટોચના બેમાં સ્થાન મેળવો, જેથી તેઓને વધુ એક તક મળી શકે. ત્રણ વર્ષ માટે પ્રારંભિક ગવર્નિંગ કાઉન્સિલનો ભાગ બનવા માટે આમંત્રણ મળવું એ એવી બાબત છે જેને મેં હંમેશા યાદગાર ગણાવી છે. ત્યારે સામેલ તમામ લોકો માટે, આઈપીએલ અમારા બાળકની જેમ છે અને તે બાળકને હવે આટલા સારા દેખાતા પુખ્ત તરીકે વિકાસ કરતા જોવું એ ઘણો આનંદ આપે છે.

# WFIએ વિનેશને ઘરેલુ સ્પર્ધા માટે અયોગ્ય જાહેર કરી

**વિનેશે** સંકેત આપ્યા કે તે વળતી લડત આપશે

નવી દિલ્હી, તા. 9 (પીટીઆઈ): ભારતીય કુસ્તી મહાસંઘ (WFI)એ સ્ટાર કુસ્તીબાજ વિનેશ ફોગાટને શિસ્તભંગ અને એન્ટી-ડોપિંગ નિયમોના ઉલ્લંઘન બદલ કારણદર્શક નોટિસ ફટકારી છે. WFI એ વિનેશને 26 જૂન, 2026 સુધી ઘરેલું સ્પર્ધાઓ માટે અયોગ્ય જાહેર કરી છે. સંઘના જણાવ્યા અનુસાર, નિવૃત્તિ બાદ પરત ફરવા માટે જરૂરી 6 મહિનાનો નોટિસ પીરિયડ તેણે પૂર્ણ કર્યો નથી. આ સિવાય, પેરિસ ઓલિમ્પિકમાં વધુ વજનને કારણે ડિસ્ક્વોલિફાય થવા અને ડિસેમ્બર 2025માં 'ડોપ ટેસ્ટ' ચૂકી જવા બદલ પણ તેની સામે ગંભીર આક્ષેપો કરાયા છે.

આ નોટિસને કારણે વિનેશ ગોન્ડા ખાતેની નેશનલ રેન્કિંગ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે નહીં. આ કાર્યવાહીના જવાબમાં વિનેશે સોશિયલ મીડિયા પર શાયરી દ્વારા પ્રતિક્રિયા આપતા સંકેત આપ્યા છે કે તે વળતી લડત આપશે. તેણે લખ્યું કે, દુનિયા તેનામાં ખામીઓ શોધે છે પરંતુ તે ક્યારેય ઝૂકશે નહીં. વિનેશે અગાઉ WFI પર તેની એન્ટ્રી રોકવાનો આરોપ પણ લગાવ્યો હતો.

## અબ્બાસની 5 વિકેટ અને અઝાનની અડધી સદીથી પાકિસ્તાનની વાપસી



ઢાકા, તા. 9 (એપી): બાંગ્લાદેશ વિરુદ્ધ રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે પાકિસ્તાને મજબૂત વાપસી કરી છે. બાંગ્લાદેશના પ્રથમ ઈનિંગમાં 413 રનના જવાબમાં પાકિસ્તાને દિવસના અંત સુધી 1 વિકેટ ગુમાવીને 179 રન બનાવી લીધા છે. પાકિસ્તાનના ડેબ્યુ મેચ રમી રહેલા ઓપનર અઝાન અવેસે શાનદાર બેટિંગ કરતા અણનમ 85 રન બનાવ્યા છે, જ્યારે બીજો ડેબ્યુટન્ટ અબ્દુલ્લા ફઝલ 37 રને રમી રહ્યો છે. અઝાન અને ઇમામ-ઉલ-હક (45 રન) વચ્ચે પ્રથમ વિકેટ માટે 106 રનની ભાગીદારી થઈ હતી. અત્યારે પાકિસ્તાન બાંગ્લાદેશના સ્કોરથી 234 રન પાછળ છે અને તેની 9 વિકેટ હજુ બાકી છે. આ પહેલાં બાંગ્લાદેશે બીજા દિવસની શરૂઆત 4 વિકેટે 301 રનથી કરી હતી, પરંતુ પાકિસ્તાની ફાસ્ટ બોલર મોહમ્મદ અબ્બાસે તરખાટ મચાવતા 92 રનમાં 5 વિકેટ ઝડપી યજમાન ટીમને 413 રન પર રોકી દીધી હતી. અબ્બાસે તેની કારકિર્દીમાં છઠ્ઠી વાર 5 વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે. શાહીન આફ્રીદીએ પણ તેને સાથ આપતા 3 વિકેટ ઝડપી હતી. બાંગ્લાદેશ તરફથી મુશફિકુર રહીમે સૌથી વધુ 71 રન બનાવ્યા હતા.

## સુરત ડિસ્ટ્રિક્ટ એક્વેટિક એસોસિએશનની તરણ સ્પર્ધા તરણ પસંદગી સ્પર્ધા

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ એક્વેટિક એસોસિએશનની એક યાદી જણાવે છે કે સુરત શહેર /જીલ્લામાં વસતા સીનીયર વિભાગનાં (ઓપન) ભાઈઓ અને બહેનોની તથા મોટીવેશનલ તરણ સ્પર્ધા તા. ૧૮/૦૫/૨૦૨૬ ને સોમવારનાં રોજ સમય સવારે ૮:૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ ખાતે રાખવામાં આવી છે. જેમાં જે ખેલાડી ભાઈઓ અને બહેનો ભાગ લેવા માંગે છે તેઓ એન્ટ્રી ફોર્મ તા. ૧૫/૦૫/૨૦૨૬ સુધીમાં ભરીને પરેશ સારંગને રૂસ્તમપુરા સ્વિમિંગપુલ, વિશાલ ભગત પાલ સ્વિમિંગપુલ તેમજ કૃતિકા કહાર વીર સાવરકર અડાજણ સ્વિમિંગ પુલ ખાતે જમા કરાવવાનું રહેશે જે ખેલાડીઓ એલીજીબલ થઈ પસંદગી પામશે તેઓએ તા. ૨૩-૨૪ મે ૨૦૨૬ માં સાવી સ્વરાજ સ્પોર્ટસ કલબ, અમદાવાદ ખાતે યોજનાર સીનિયર સ્ટેટ એક્વેટીક ચેમ્પીયનશીપમાં ભાગ લેવા મળશે.

